**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૨૦૮૮ તા.૨૦/૦૬/૨૦૨૨

પરિપત્ર- ૨૭૧૮

વિષય- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન બાબત.

સંદર્ભ- કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીનો તા.૧૮/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: પરચ/વિ.યો.દિ/કામગીરી/૨૦૨૨/વશી/૩૦૫૭ થી ૩૦૭૦/૨૨.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન ગોધરા શહેર વિસ્તારની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્રથી જણાવવાનું કે તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ગોધરા ખાતે રાખવામાં આવેલ છે. જે અંતર્ગત આપની કોલેજ/સંસ્થાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ સવારે ૫:૪૫ કલાકે પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત રહી યોગ દિવસમાં ભાગ લઇ આયોજનને સફળ બનાવે તે મુજબ આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન ગોધરા શહેર વિસ્તારની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

જિલ્લા સેવા સદન–૧, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા–૩૮૯૦૦૧, જિ.પંચમહાલ
ફોન : ૦૨૬૭૨–૨૪૨૮૦૦ ફેક્સ : ૦૨૬૭૨–૨૪૨૮૯૯
E-mail : collector-pan@gujarat.gov.in


**ક્રમાંક : પરચ/વિ.યો.દિ/જીકઉ/વશી/**૩૦૪૪ થી ૩૦૫૩/૨૨ તા. ૧૯/૬/૨૦૨૨

**આમુખ :–** ઉપસચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઉજવ/૧૦૨૦૨૨/યોગા–૦૧/ તા.૧૦/૦૬/૨૦૨૨

**હુ ક મ :–**

આમુખમાં વંચાણે લીધેલ સરકારશ્રીના રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૬/૨૦૨૨ સંદર્ભના પરિપત્રની સુચનાનુસાર પ્રતિ વર્ષે " તા. ૨૧–જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ " તરીકે ઉજવવા બાબતની સુચના આપવામાં આવેલ છે. જે અંતર્ગત ઉજવણી રાજયભરમાં કરવા બાબતે તથા તેમાં વધારેમાં વધારે લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શાળા, કોલેજો જોડાય તે રીતે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવા તથા તે માટે આગોતરું આયોજન કરવા માટે જણાવેલ છે. કોવીડ મહામારી બાદ ચાલુ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧–જુન ૨૦૨૨ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જનભાગીદારી સાથે કરવાનુ નકકી કરવામાં આવેલ છે.

સરકારશ્રી ધ્વારા " માનવતા માટે યોગા " થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનુ નકકી કરવામાં આવેલ છે. આમુખમાં દર્શાવેલ પરિપત્ર અન્વયેની સુચનાઓ અનુસાર ઉજવણીના ભાગરૂપે જિલ્લા, તાલુકા સહિતના અન્ય સ્તરે કાર્યક્રમોનું આયોજન કરવાનું થતું હોઈ તે હેતુસર જિલ્લા, તાલુકા તથા નગરપાલિકા કક્ષાની સમિતિઓની રચના કરી કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન, મોનિટરીંગ અને અમલીકરણ કરવા વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે. જે મુજબ જિલ્લા કક્ષાએથી જરૂરી અમલવારી કરવાની થાય છે.

સરકારશ્રીની સુચનાનુસાર તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી અત્રેના પંચમહાલ ***જિલ્લા ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ગોધરા*** ખાતે ઉજવવાનું આયોજન કરેલ છે. જેના સુચારૂ, સુવ્યવસ્થિત આયોજન તથા સફળ અમલીકરણ માટે નીચે મુજબ સંબંધિત અધિકારીશ્રીઓને કામગીરી સુપ્રત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(પાછળ)

# વિશ્વ યોગ દિવસ તા.૨૧/૦૬/૨૦૨૨

## જિલ્લા કક્ષાનો ઉજવણી કાર્યક્રમ

## કાર્યક્રમ સ્થળ : પોલીસ પરેડ ગ્રાઉન્ડ ગોધરા (સમય :

| અધિકારીશ્રીઓને વિવિધ કામગીરીની સોપણી | | | |
|---|---|---|---|
| અનં | વિષય | સંચાલન અધિકારીશ્રી | કામગીરીની વિગત |
| ૧ | કાર્યક્રમનું સંચાલન, જવાબદારી તથા ઉત્તરદાયિત્વ | (૧) નાયબ કલેકટર અને પ્રાંત અધિકારીશ્રી ગોધરા 9978405217<br>(૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (હેડકવાર્ટસ),પંચમહાલ 9978408207<br>(૩) કા.ઈ. મા.અને મ. (સ્ટેટ) , ગોધરા 9824549379<br>(૪) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 8155862254 | • પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ગોધરા ખાતે સ્થળ મુલાકાત તથા જરૂરી સુવિધાઓની વ્યવસ્થા<br>• પ્રોટોકોલ મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવી<br>• સ્ટેજ, બેકડ્રોપ ડિઝાઈન, વિગેરે સરકારશ્રી કક્ષાએથી નકકી થાય તે મુજબ વ્યવસ્થા કરવી.<br>• સરકારશ્રીની સુચનાઓ મુજબ મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ મેળવી તે મુજબ આયોજન કરવુ.<br>• કાર્યક્રમના આયોજન સંબંધિત તમામ પ્રકારની આનુષંગિક વ્યવસ્થાઓ કરવાની રહેશે. |
| ૨ | નિમંત્રણ કાર્ડ છપાવવા/ ઈ– નિમંત્રણને લગતી કામગીરી | (૧) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 8155862254<br>(૨) સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી<br>(૩) સંબંધિત મુખ્ય અધિકારીશ્રી નગરપાલિકા | • નિમંત્રણ કાર્ડ છપાવવા તથા જિલ્લા/ તાલુકાના તમામ પદાધિકારીશ્રીઓ, મહાનુભાવો ને સમયસર કાર્ડ વિતરણ કરવાની કામગીરી<br>• ઇ–નિમંત્રણ કાર્ડને લગતી કામગીરી |
| ૩ | કાર્યક્રમમાં લોકોનું જોડાણ | ૧. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 9898757199<br>૨. મામલતદારશ્રી ગોધરા (શહેર)<br>૩. મુખ્ય અધિકારીશ્રી, (ન.પા.),ગોધરા 9909218158<br>૪.તાલુકા વિકાસ અધિકારીશ્રી ગોધરા મો. 8980491442<br>૫. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 8155862254 | • માન. મંત્રીશ્રી, સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ સહિતના પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ, યોગ સાથે જોડાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓ, પ્રતિષ્ઠિત નાગરીકો, સમાજ સંગઠનો સહિત અગ્રણીઓ,સહિત આમ જનતા ઉજવણીમાં ભાગ લે તે મુજબ આયોજન તથા અમલીકરણ કરવુ. તથા રીપોર્ટીગ કરવું |

| | | | |
|---|---|---|---|
| ૪ | શાળા/ કોલેજોના વિદ્યાર્થીઓની કાર્યક્રમમાં ભાગીદારી | ૧.રજીસ્ટ્રારશ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, પંચમહાલ 9978400699<br>૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પંચમહાલ મો. 9909971689<br>૩. જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી પંચમહાલ મો. 9909971689<br>૪. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 8155862254 | • શાળા/ કોલેજોના વિદ્યાર્થીઓ તથા એન.સી.સી., એન.એસ.એસ., નહેરૂ યુવા કેન્દ્ર, વિવેકાનંદ યુવક મંડળના સભ્યોનો સમાવેશ કરી શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી આયોજન કરવું તથા મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે તે મુજબ આયોજન કરવુ.<br>• ઉદઘોષકની વ્યવસ્થા કરવી |
| ૫ | ટી.વી./ એલ.ઈ.ડી. સાઉન્ડ સિસ્ટમ તથા વીજ પુરવઠો સહિતની વ્યવસ્થા. | ૧. ના.કા.ઈ. (માર્ગ અને મકાન ) વિદ્યુત મા×મ પેટા વિભાગ, ગોધરા 9879188547<br>૨. કા.ઈ.શ્રી મા×મ(સ્ટેટ)ગોધરા 9824549379<br>૩. કા.ઈ.શ્રી એમ.જી.વી.એલ ગોધરા મો. | • કાર્યક્રમ સ્થળે જરૂરીયાત મુજબ લાઈટીંગ, સાઉન્ડ સીસ્ટમ, ટી.વી./ એલઈડીની વ્યવસ્થા કરવી.<br>કાર્યક્રમ સ્થળે અવિરત પણે વીજ પુરવઠો જળવાઈ રહે તે અંગે જરૂરી વ્યવસ્થાઓ |
| ૬ | સેનીટેશન | મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, ગોધરા 9909218198 | • યોગ કાર્યક્રમ સ્થળે હંગામી ટોયલેટ, મોબાઈલ ટોઈલેટ/ સેનીટેશન તેમજ સાફ સફાઈની કામગીરી. |
| ૭ | પ્રચાર પ્રસાર | (૧) નાયબ માહિતી નિયામકશ્રી 9408727845<br>(૨) ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, ગોધરા 9909218198 | • યોગદિન ઉજવણી અંગેની જાહેરાત , વિજ્ઞાપન અખબારોમાં પ્રકાશિત કરવા કાર્યવાહી કરવી તેમજ કેબલ નેટવર્કમાં સ્ક્રોલ ધ્વારા પ્રચાર પ્રસાર કરવો .<br>• ગોધરા નગર ખાતે યોગ દિનની ઉજવણી બાબતે રીક્ષા ધ્વારા જાહેરમાં પ્રચાર પ્રસાર કરવો વધુમાં વધુ સ્થાનિક લોકો જોડાય તેવું આયોજન કરવું. |
| | પીવાનું પાણી/ લીબુ શરબત | કા.ઈ.પા.પુ.ગ.વ્ય.બોર્ડ, (બાંધકામ/યાંત્રિક), ગોધરા 9978406883 | • યોગાભ્યાસના સમય દરમ્યાન તેમજ કાર્યક્રમ સ્થળે પધારનાર મહાનુભાવો તેમજ જાહેર જનતા માટે પીવાના પાણી તેમજ લીબુ પાણીની વ્યવસ્થા કરવી |

| | | | |
|---|---|---|---|
| ૯ | કાયદો અને વ્યવસ્થા , ટ્રાફીક નિયમન તથા પાર્કિંગ વ્યવસ્થા | (૧) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા 9978408208<br>(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી પંચમહાલ ગોધરા 9727444455 | • કાયદો અને વ્યવસ્થાને લગતી તમામ કામગીરી.<br>• ટ્રાફીક નિયમન તથા પાર્કિંગ વ્યવસ્થા અંગે સુચારૂ વ્યવસ્થા ગોઠવવી |
| ૧૦ | પ્રાથમિક સારવાર / મેડીકલ સુવિધા તથા એમ્બ્યુલન્સ સેવાઓ | ૧. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પંચમહાલ 7567893600<br>૨. સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,ગોધરા 9824720925<br>૩. ૧૦૮ ઈમરજન્સી સેવા,ગોધરા | • કાર્યક્રમ સ્થળે જરૂરી પ્રાથમિક સારવાર સુવિધાઓ માટે મેડીકલ સ્ટાફ તથા એમ્બ્યુલન્સ સુવિધાઓ ઉપલબ્ધ રાખવી |
| ૧૧ | કાર્યક્રમ દસ્તાવેજીકરણ અને કાર્યક્રમ પુર્ણાહુતિ બાદ અહેવાલ તૈયાર કરવો તથા અપલોડ કામગીરી | ૧. નાયબ માહિતી નિયામકશ્રી 9408727845<br>૨. શિક્ષણ નિરીક્ષકશ્રી, ડીઈઓ. કચેરી પંચમહાલ 9824376982<br>૩. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા 8155862254 | • કાર્યક્રમ અંગે પ્રચાર– પ્રસાર તથા તેનું ડોકયુમેન્ટેશન તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર સંસ્થાઓ નાગરીકો, જનભાગીદારી વિગેરેની વિગતોનું ડોકયુમેન્ટેશન તથા કાર્યક્રમની વિગતો મેળવવી.<br>• વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી |

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ ઉપરોકત દર્શાવેલ સંબંધિત ખાતા/વિભાગો તથા જરૂરી હોય તે મુજબ સંબંધિત વિભાગ/ એજન્સીઓ સાથે યોગ્ય સંકલન જાળવી તમામ વ્યવસ્થાઓ કાર્યક્રમના આગલા દિવસે પુર્ણ થઈ જાય તે બાબત સુનિશ્ચિત કરી લેવાની રહેશે. આ કામે સરકારશ્રીની પ્રર્વતમાન તથા વખતોવખત આપવામાં આવે તેવી સુચનાઓ ધ્યાને લેવાની રહેશે તથા તે મુજબ સુચારૂ, સુવ્યવસ્થિત આયોજન કરવાનુ રહેશે.

સુજલ મયાત્રા

**(સુજલ મયાત્રા IAS)**
**કલેકટર પંચમહાલ**
**ગોધરા**

**પ્રતિ,**
સંબંધિત અધિકારીશ્રીઓ ...........................(તમામ)

૨/– અમલવારી સારૂ

**નકલ જયભારત સહ રવાના:–**

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા તરફ

૩. પ્રાન્ત અધિકારીશ્રીઓ ગોધરા/હાલોલ/શહેરા તરફ

ર/– જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ રવાના જાણ જરૂરી કાર્યવાહી સારૂ :–**

૧.મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી .................. (તમામ)

૨.મુખ્ય અધિકારીશ્રીઓ નગરપાલીકા ..................(તમામ)

**નકલ સવિનય રવાના જાણ અર્થે :–**

૧.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, બ્લોક નં.૨,સચિવાલય ગાંધીનગર.

૨.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન બાબત.

Kruti Naik(GoG-SYC Dept.)

Fri 6/10/2022 3:51 PM

To: secguj <secguj@gujarat.gov.in>; collectorsguj <collectorsguj@gujarat.gov.in>; ddoguj <ddoguj@gujarat.gov.in>;

1 attachments (4 MB)

Yoga Day-2022.pdf;

Respected sir,

Please find the attached file.

**Section Officer**
Sports Youth and Cultural Activities Department
New Sachivalaya
Gandhinagar

आज़ादी का अमृत महोत्सव

[illegible] 10/6/22

[illegible] /2834

[illegible] 10/6/2022

[illegible]

અધિક ચીટનીશ ટુ કલેક્ટર
પંચમહાલ ગોધરા

[illegible]

Azadi Ka Amrit Mahotsav

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના
આયોજન બાબત.

ગુજરાત સરકાર
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
બ્લોક નં.૨/૮મો માળ, સરદાર ભવન, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક: ઉજવ/૧૦૨૦૨૨/યોગા-૦૧
તારીખ: ૧૦/૦૬/૨૦૨૨

પરિપત્ર:-

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને **"આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે.

૨. તદ્નુસાર વર્ષ-૨૦૧૫ થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. કોવિડ મહામારી બાદ ચાલુ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧મી જુન ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જન ભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી કરવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા **"માનવતા માટે યોગા (Yoga for Humanity)" ના થીમ** સાથે ૨૧મી જુન ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

૩. ચાલુ વર્ષે વિશાળ જનભાગીદારી સાથે સમગ્ર રાજયમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના માર્ગદર્શન માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.30/૦૫/૨૦૨૨ના ઠરાવથી માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની સમિતિની રચના કરવામાં આવેલ છે. આ ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, વોર્ડ, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓ વિગેરે તમામ કક્ષાએ યોગ દિવસના કાર્યક્રમો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમો ભવ્ય રીતે અને સફળતાપૂર્વક યોજાય અને તેમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા અને નગરપાલિકા કક્ષાએ નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવે છે.

કૃપા કરી પૃષ્ઠ ફેરવો.......

## (૧) મહાનગરપાલિકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | મ્યુનિસિપલ કમિશનરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | પોલીસ કમિશનરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | સભ્યશ્રી |
| ૪) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | મુખ્ય તબીબી અધિકારીશ્રી, સિવિલ | સભ્યશ્રી |
| ૬) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૯) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૦) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૧૧) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી. | સભ્યશ્રી |
| ૧૨) | જિલ્લા સંચાલકશ્રી, નહેરૂ યુવા કેન્દ્ર. | સભ્યશ્રી |

## (૨) જિલ્લા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | જિલ્લા પોલીસ વડાશ્રી | સભ્યશ્રી |
| ૪) | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્યશ્રી |
| ૫) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮) | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૯) | મુખ્ય તબીબી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૦) | જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૧) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૧૨) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૩) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૪) | નહેરૂ યુવા કેન્દ્ર જિલ્લા સંચાલક | સભ્યશ્રી |

P...3

### (૩) તાલુકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | મામલતદારશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | પોલીસ ઈન્સપેક્ટરશ્રી | સભ્યશ્રી |
| ૪) | વિસ્તરણ અધિકારીશ્રી IRD | સભ્યશ્રી |
| ૫) | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | તાલુકા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૮) | નહેરૂ યુવા કેન્દ્ર પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |

### (૪) નગરપાલિકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | ચીફ ઓફીસરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | પોલીસ ઈન્સપેકટરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નહેરૂ યુવા કેન્દ્રના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |

કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશનરશ્રી/ મામલતદારશ્રી /ચીફ ઓફીસરશ્રી આ કાર્યક્રમના સફળ અમલીકરણને ધ્યાનમાં રાખી તેઓને યોગ્ય જણાયે તેવા સભ્યોને ઉપરોકત સમિતિઓમાં આમંત્રિત સભ્યો તરીકે બોલાવી શકશે.

જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા, ગામ, શાળા, વોર્ડ વિગેરે તમામ કક્ષાના કાર્યક્રમો માટે નાણાકીય/વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન, મોનીટરીંગ અને અમલીકરણ આ સમિતિ દ્વારા કરવાનું રહેશે.

(૧) આ કાર્યક્રમમાં નીચે મુજબના મહાનુભાવો/આમંત્રિતોને આમંત્રણ આપવાનું રહેશે.

- માનનીય કેન્દ્રીય અને રાજયમંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મેયરશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી
- યોગ સાથે જોડાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓ
- જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિકો
- વહીવટી અધિકારીશ્રીઓ /બેન્કર્સ /નાગરિક સમાજ સંગઠનો વિગેરે

જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમોમાં અંદાજે ૩૦૦૦ વ્યક્તિઓ તથા મહાનગરપાલિકા કક્ષાના મુખ્ય કાર્યક્રમોમાં અંદાજે ૨૦૦૦ વ્યકિતઓ ઉપસ્થિત રહે તે રીતે આયોજન કરવાનું રહેશે. તાલુકા, નગરપાલિકા, ગામ અને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષાના કાર્યક્રમમાં તથા તમામ શાળા, કોલેજો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો તથા અન્ય જગ્યાઓ ખાતે યોજવાના થતા કાર્યક્રમોમાં અપેક્ષિત વ્યક્તિઓની સહભાગિતાની વિગતો આ સાથે સામેલ છે.

(૨) કાર્યક્રમને લગત અન્ય ધ્યાને લેવાની વિગતો નીચે મુજબ છે.

- કાર્યક્રમ સ્થળ તરીકે ખુલ્લી જગ્યા નકકી કરવાની રહેશે.
- અત્રેથી નિયત કરવામાં આવે તે કક્ષાના કાર્યક્રમો ખાતે ટીવી / એલ.ઇ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવાની રહેશે.
- આમંત્રિતો માટે યોગ્ય કક્ષાએથી આમંત્રણ પાઠવાય તે જોવાનું રહેશે.

(૩) સ્ટેજ બેકડ્રોપ ડિઝાઇન કેન્દ્ર કક્ષાએથી ઉપલબ્ધ થયેથી રાજય કક્ષાએથી પૂરી પાડવામાં આવશે.

(૪) લાભાર્થીઓ માટે જરૂરીયાત મુજબની પાણીની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૫) કાર્યક્રમના સ્થળે પ્રાથમિક સારવાર સુવિધા, ડોકટર, એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) કાયદો વ્યવસ્થા, વીજ પુરવઠો, સ્વચ્છતા, વીઆઇપી મુવમેન્ટ સહિતની તમામ વ્યવસ્થાકરવાની રહેશે.

(૭) મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ આખરી થયે અત્રેથી મોકલી આપવામાં આવશે. તે મુજબ અમલીકરણ કરવાનું રહેશે.

(૮) કાર્યક્રમના સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) કાર્યક્રમ પૂર્ણ થયે કાર્યક્રમની વિગતો જેવી કે કાર્યક્રમનું સ્થળ, ભાગ લીધેલ વ્યક્તિઓની સંખ્યા, હાજર રહેલ મહાનુભાવોની વિગત વિગેરે તથા સારી ગુણવત્તાવાળા પાંચ ફોટોગ્રાફસ આ કાર્યક્રમ માટે અત્રેથી બનાવવામાં આવી રહેલ પોર્ટલ ઉપર અપલોડ કરવાના રહેશે. (પોર્ટલનું URL હવે પછી મોકલવામાં આવશે.)

(૧૦)રાજયના જિલ્લા અને મહાનગરપાલિકાઓના કાર્યક્રમ માટે ખર્ચની મર્યાદા જિલ્લા અને મહાનગરપાલિકા દીઠ રૂ.૫ લાખની રહેશે. અને આ રકમ સંબધિત જિલ્લા કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને ફાળવવામાં આવશે.

(૧૧) તાલુકા અને નગરપાલિકાકક્ષાના કાર્યક્રમ માટે રૂ.૫૦,૦૦૦/- ગ્રાન્ટ સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને ફાળવવામાં આવશે.

ઉક્ત સમિતિઓએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સંદર્ભે પૂર્વ તાલીમ,નિર્દેશ વ્યવસ્થાપન, સેનિટેશન, સ્થળ પસંદગી અને કાર્યક્રમ સંચાલન તથા ડેટા સંકલનની તમામ કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપક પટેલ)
ઉપસચિવ(સાં.૫),
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

બિડાણ: અપેક્ષિત વ્યક્તિઓની
સહભાગિતા દર્શાવતું પત્રક.

પ્રતિ,

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માનનીય મંત્રીશ્રી (પ્રવાસન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માનનીય મંત્રીશ્રી (ગૃહ, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં:૮, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં:૨, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૧૧,સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં: ૭, સચિવાલય, ગાંધીનગર
૧૦. અગ્ર સચિવશ્રી (શિક્ષણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં: ૫, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી (નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૪, સચિવાલય, ગાંધીનગર.
૧૨. અગ્ર સચિવશ્રી (શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૧૪, સચિવાલય, ગાંધીનગર
૧૩. અગ્ર સચિવશ્રી (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોકનં.૨/૮, સચિવાલય, ગાંધીનગર.

૧૪ સચિવશ્રી (પ્રવાસનવિભાગ)નાઅંગતસચિવશ્રી, બ્લોકનં.૫,સચિવાલય, ગાંધીનગર.

૧૫ સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫/૭, સચિવાલય, ગાંધીનગર.

૧૬. સચિવશ્રી (માહિતી અને પ્રસારણ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૨/૯, સચિવાલય, ગાંધીનગર.

૧૭. સચિવશ્રી (માર્ગ અને મકાન વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોકનં: ૧૪, સચિવાલય, ગાંધીનગર.

૧૮. નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૯. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨૦. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર

૨૧. ખાસ ફરજ પરના અધિકારી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર

૨૨. સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી

૨૩. સર્વે નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી

૨૪. સર્વે પોલીસ કમિશનરશ્રી

૨૫. સર્વે જિલ્લા કલેકટરશ્રી (સર્વ સંબંધિતોને જાણ કરવાની સુચના સહ)

૨૬. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

૨૭. સર્વે જિલ્લા પોલીસ વડાશ્રી

૨૮. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી, સિવિલ

૨૯. સર્વે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

૩૦. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

૩૧. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

૩૨. સર્વે નાયબ માહિતી નિયામકશ્રી

૩૩. સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી

૩૪. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી

૩૫. સર્વે જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી

૩૬. સર્વે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી

૩૭. સર્વે જિલ્લા રમતગમત અધિકારીશ્રી

૩૮. સર્વે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી

૩૯. સર્વે નહેરૂ યુવા કેન્દ્ર જિલ્લા સંચાલક

૪૦. સિલેક્ટફાઈલ

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૨

## ૨૧મી જુન ૨૦૨૨, મંગળવાર

## કાર્યક્રમમાં અપેક્ષિત સહભાગિતા

| ક્રમ | કાર્યક્રમની કક્ષા | કાર્યક્રમ દીઠ અપેક્ષિત સહભાગિતાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહાનગરપાલિકા કક્ષા (૮) | 3000 |
| ૨ | મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા<br>(૮ મહાનગરપાલિકામાંકુલ ૨૧૧ વોર્ડ) | વોર્ડ દીઠ ૫૦૦<br>(વોર્ડમાં એક કરતાં વધારે કાર્યક્રમ કરી શકાશે.) |
| 3 | જિલ્લાકક્ષા (33) | 3000 |
| ૪ | તાલુકાકક્ષા (૨૫૧) | ૫૦૦ |
| ૫ | નગરપાલિકાકક્ષા (૧૫૬) | ૫૦૦ |
| ૬ | ગ્રામ્યકક્ષા (૧૮,૨૨૬) | ૨૫ |
| ૭ | શૈક્ષણિક સંસ્થા (શાળા, કોલેજ આઈ.ટી.આઇ, પોલિટેકનીક, યુનિવર્સિટી વગેરે ) | શાળા/કોલેજ/શૈક્ષણિક સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો/અધ્યાપકો |
| ૮. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (૧૪૭૭) | ૨૦૦ |
| ૯. | પેટા આરોગ્ય કેન્દ્ર (૬૫૦૦) | ૧૫૦ |
| ૧૦ | જેલ (30) | તમામ કેદીઓ |
| ૧૧ | જિલ્લા પોલીસ હેડક્વાર્ટર (33) | તમામ સ્ટાફ |
| ૧૨ | પોલીસ સ્ટેશન (૧૧૫૨) | તમામ સ્ટાફ |